શ્રી કહાનગુરુદેવાય નમઃ શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો નમઃ શ્રી ભગવતીમાતાય નમઃ

## શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ સાનંદ ઉજવે છે...
## શ્રી સીમંધરાદિ દેવ-શાસ્ત્ર-ગુરુની મંગળ પધરામણીનો





શ્રી સીમંધરસ્વામી


શ્રી સમયસારજી


શ્રી કુંદકુંદાચાર્યદેવ


પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# ચતુર્થ પ્રતિષ્ઠાદિન મહોત્સવ

ગુરુવાર, જેઠ સુદ ૧ થી સોમવાર, જેઠ સુદ ૫; વીર સં. ૨૫૪૪ (તા. ૧૪-૬-૨૦૧૮ થી તા. ૧૮-૬-૨૦૧૮)


પૂ. બહેનશ્રી ચંપાબેન

વીતરાગી શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુસમર્પિત શુદ્ધાત્મરસિક ભાઈશ્રી/બહેનશ્રી ..........................................................................

ગુરુભક્તોની અંતરંગની ભાવના અને જ્ઞાની ધર્માત્માના પુનિત પુણ્યોદયના નિમિત્તે શુક્રવાર, જેઠ સુદ ૫, વીર સં. ૨૫૪૧ (તા. ૨૨-૫-૨૦૧૫)ના દિવસે અમારા જીવનમાં એક અલૌકિક પ્રસંગ બન્યો. આ પાવન દિવસે 'શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરમાં' તથા અમારા મનમંદિરમાં વિદ્યમાન જીવંતસ્વામી શ્રી સીમંધરપ્રભુ પરમ અનુગ્રહ કરી પધાર્યા. તદુપરાંત સમતારસવંત શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી મહાવીર ભગવાન, ધાતકી વિદેહક્ષેત્રના ભાવિના ભગવાન તથા શ્રી બાહુબલી મુનીન્દ્ર પણ પાવન પગલે પધારી સમવસરણ સમાન અમ જિનમંદિરને ઉજ્જ્વળ-પવિત્ર કર્યું. દ્વાદશાંગી જિનવાણીના પ્રતિક સમાન શ્રી સમયસારજી આદિ પરમાગમ અને ઉપકારી શ્રી કુંદકુંદાચાર્યાદિ ગુરુભગવંતો વીતરાગતાને પોષતા અમ મંદિરમાં શોભી રહ્યા છે. આવા દેવ-શાસ્ત્ર-ગુરુનાં અભિપ્રાય ઉદ્‌ઘાટક સમીચીન જ્ઞાની ધર્માત્મા આચાર્યકલ્પ પંડિતપ્રવર શ્રી ટોડરમલજી, પરમતારણહાર સત્‌ધર્મપ્રકાશક સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પ્રશમમૂર્તિ ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેન અને કૃપાળુદેવ શ્રીમદ્‌ રાજચંદ્રજીથી જિનમંદિર દીપી રહ્યું છે. મુમુક્ષુઓના સદ્‌ભાગ્યે સુવર્ણપુરીના દૈવી જિનાલયોની અત્યંત મનોહર પ્રતિકૃતિઓએ જિનમંદિરને શોભાવ્યું છે. આમ, વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ તથા જ્ઞાની ધર્માત્માઓથી શોભિત, ભક્તિભાવનાથી બનેલું જિનમંદિર સમવસરણ તુલ્ય શોભી રહ્યું છે.

આવા પવિત્ર જિનમંદિરમાં અમે ગુરુભક્તો ગત ત્રણ વર્ષથી ઉલ્લાસપૂર્વક સાધના-આરાધનાના પથ પર અગ્રેસર છીએ અને એવી ભાવના છે કે ચતુર્થ પ્રતિષ્ઠાદિન મહોત્સવનો આ પાવન અવસર અમારી સાધના-આરાધનાને વિશેષ પ્રાણવંતું કરે. આ અવસરને પૂજન, સ્વાધ્યાય અને ભક્તિભાવથી ઉજવવાની અમારી ભાવના છે. આ નિમિત્તે **'શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝે પંચદિવસીય કાર્યક્રમનું આયોજન ગુરુવાર, જેઠ સુદ ૧ થી સોમવાર, જેઠ સુદ ૫; વીર સં. ૨૫૪૪ (તા. ૧૪-૬-૨૦૧૮ થી તા. ૧૮-૬-૨૦૧૮)'** સુધી કરેલ છે. **આ અવસરે જિનમંદિરમાં પાઠશાળા ખંડ, વાચનાલય ખંડ વગેરેનું અનાવરણ પણ કરવામાં આવશે.** પ્રતિષ્ઠાદિનના કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છે.

## સવારે

| | | |
|---|---|---|
| **૬.૪૫ થી ૮.00*** | **૮.30 થી ૯.30**** | **૯.30 થી ૧૦.૧૫*** |
| શ્રી જિનેન્દ્ર અભિષેક તથા શ્રી તીન ચોવીસી મંડલ વિધાન | પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન | શ્રી શાસ્ત્ર સ્વાધ્યાય |

## સાંજે

| | | |
|---|---|---|
| **૭.૧૫ થી ૭.૪૫** | **૭.૪૫ થી ૮.૦૫**** | **૮.૦૫ થી ૯.૦૫*** |
| શ્રી જિનેન્દ્ર ભક્તિ તથા આરતી | પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા | શ્રી શાસ્ત્ર સ્વાધ્યાય |

આપ સૌ શુદ્ધાત્મરસિક મુમુક્ષુઓને આ કાર્યક્રમમાં પધારવાનું અમારું ભાવભીનું હાર્દિક આમંત્રણ છે.

### : નિમંત્રક :

શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝનાં સર્વે ટ્રસ્ટીગણ તથા મુમુક્ષુઓનાં જય જિનેન્દ્ર...

૪૭, ચર્ચ રોડ, ધનજીભાઈ મહેતા મેદાનની સામે, વિલે પાર્લા (પ.), મુંબઈ-૪૦૦૦૫૬

022 - 2663 1165 | +91 96195 04576 | info@parlajinmandir.org | www.parlajinmandir.org | /Parla.Jinmandir | /c/ParlaJinmandir

*Live Broadcasting Facility Avaialble **Available On The Website